ગુજરાત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિના ચેરમેન અને સભ્યોએ કેરળ રાજ્યના તિરુવનંતપુરમ ખાતે આયોજિત રાષ્ટ્રીય કોન્ફરન્સ માં ભાગ લીધો

કેરળ રાજ્યના તિરુવનંતપુરમ ખાતે આયોજિત ભારતની સંસદ તથા વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની વિધાનસભાઓની જાહેર હિસાબ સમિતિઓ (Public Accounts Committees – PAC) ના અધ્યક્ષોની પરિષદમાં ગુજરાત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિના ચેરમેનશ્રી પંકજભાઈ દેસાઈ અને સભ્યશ્રીઓ ડૉ. હર્ષદભાઈ પટેલ તથા શ્રી વિનોદભાઈ મોરડીયા એ ભાગ લઈ વિચાર વિમર્શ કર્યો.

આ પરિષદમાં લોકસભાના માનનીય અધ્યક્ષ શ્રી ઓમ બિરલા, રાજ્યસભાના માનનીય ઉપસભાપતિ શ્રી હરિવંશ, કેરળના માનનીય મુખ્યમંત્રી શ્રી વી.ડી. સતીશન, કેરળ વિધાનસભાના માનનીય અધ્યક્ષ શ્રી થિરુવંચૂર રાધાકૃષ્ણન, સંસદની જાહેર હિસાબ સમિતિના માનનીય અધ્યક્ષ શ્રી કે.સી. વેણુગોપાલ, કેરળ વિધાનસભાનાં માનનીય ઉપાધ્યક્ષ શ્રીમતી શાનિમોલ ઉસ્માન તથા કેરળ વિધાનસભાની જાહેર હિસાબ સમિતિના માનનીય અધ્યક્ષ શ્રી કે.એન. બાલગોપાલ સહિતના અનેક રાજ્યોના જાહેર હિસાબ સમિતિના ચેરમેન અને સભ્યો સહિત વિશિષ્ટ મહાનુભાવોની ઉપસ્થિતિ રહી.

આ પરિષદમાં લોકશાહી વ્યવસ્થામાં જાહેર હિસાબ સમિતિની ભૂમિકા, સરકારી નાણાંના પારદર્શક અને જવાબદાર વહીવટ, જાહેર ખર્ચની સમીક્ષા તથા નાણાકીય જવાબદારી અને વિધાનસભાકીય દેખરેખ જેવા મહત્વપૂર્ણ વિષયો પર વિચારવિમર્શ કરવામાં આવ્યો.

દેશના વિવિધ સંસદીય અને વિધાનસભાકીય હોદ્દેદારો તથા જાહેર હિસાબ સમિતિના અધ્યક્ષો એ વિચારોનું આદાનપ્રદાન કરીને મૂલ્યવાન માર્ગદર્શન અને અનુભવો પ્રાપ્ત કર્યા. આ પરિષદ સંસદીય પરંપરાઓ, લોકશાહી મૂલ્યો અને જાહેર નાણાંના સુશાસન અંગેની સમજને વધુ સમૃદ્ધ બનાવનારી રહી.
